# ફાસ્ટ રિવિઝન

## એપ્રિલ ૨૦૨૦

Most IMP
Current Affairs

www.crackgpsc.com

# એપ્રિલ ૨૦૨૦

## (૧ થી ૩૧ માર્ચ, ૨૦૨૦)

## સ્પેશ્યલ થેન્ક્સ

**શ્રી એમ. કે. પ્રજાપતિ સાહેબ**

**(ડે. કલેક્ટર)**

**પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.**

CrackGPSC

## We are famous for…

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**




## Most Imp Current Affairs

### 1 માર્ચ

- ઈરાનના ચાબહાર બંદરના વિકાસને ગતિ આપવા માટે ભારત સરકારે એક કંપની 'ઈન્ટર-પોર્ટ્સ ગ્લોબલ લિ.'ની રચના કરી.
- દિગ્ગજ એડિટર શ્રીકર પ્રસાદે ફિલ્મોનું 17 ભાષાઓમાં એડીટીંગ કરીને લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં 'ફિલ્મ્સ એડિટેડ ઇન ધ મોસ્ટ નંબર ઓફ લેંગ્વેજિસ' કેટેગરીમાં નામ નોંધાવ્યું.
- નાણા સચિવ રાજીવ કુમારે 15 શહેરોમાં બરોડા સ્ટાર્ટ-અપ બેન્કિંગની શરૂઆત કરી.
- ભારતી AXA જનરલ ઈન્સ્યોરન્સ મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપ દ્વારા પોતાના ગ્રાહકોને પોલિસી અને રિન્યુઅલ પ્રીમિયમની સેવા આપનાર પ્રથમ કંપની બની.
- સુમંત કઠપાલિયા ઇન્ડસઇન્ડ બેંકના MD અને CEO નિયુક્ત
- ફોરેસ્ટ મેન ઓફ ઇન્ડિયા તરીકે જાણીતા જાદવ પાયેંગ સ્વામી વિવેકાનંદ કર્મયોગી પુરસ્કાર-2020થી સન્માનિત.
- અભિષેક સિંહ વેનેઝુએલામાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- મહારાષ્ટ્ર સરકારે કેન્દ્ર સમક્ષ મરાઠી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો અપાવવા માટે પ્રસ્તાવ મુક્યો. ભારતમાં અત્યારે તમિલ, તેલુગુ, સંસ્કૃત, કન્નડ, મલયાલમ અને ઓડિયા એમ છ ભાષાઓને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો પ્રાપ્ત છે.
- 1 માર્ચ: વર્લ્ડ સિવિલ ડિફેન્સ ડે.
- 1 માર્ચ: શૂન્ય ભેદભાવ દિવસ. UNAIDS બાદ UNએ પ્રથમ વખત 2014માં 1 માર્ચના રોજ આ દિવસ ઉજવ્યો.

### 2 માર્ચ

- ભારતીય રેલવેએ પશ્ચિમ બંગાળના આસનસોલ રેલવે સ્ટેશન પર પોતાનું પ્રથમ 'રેસ્ટોરન્ટ ઓન વ્હીલ્સ' શરૂ કર્યું.
- ઓનલાઈન પેમેન્ટ પ્રોસેસર વર્લ્ડલાઈન ઇન્ડિયાના એક રિપોર્ટ મુજબ 2019માં સૌથી વધુ ડિજિટલ લેવડદેવડ બાબતે બેંગલુરુ પ્રથમ ક્રમે, ત્યારબાદ ચેન્નઈ, મુંબઈ અને પુણે.
- કેરળના કોચ્ચિ શહેરમાં ભારતની પ્રથમ કોમર્શિયલ LNG (લિક્વિફાઈડ કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) બસ સેવા શરૂ. આ બસ એક જ ફીલિંગમાં 900 કિ.મી.ની મુસાફરી કરવાની ક્ષમતા ધરાવે છે.
- ઓરિસ્સાને સ્ટીલ હબ બનાવવા માટે ભારત સરકારે જાપાન સાથે સમજૂતી કરી.

Crack GPSC

- મુહીદ્દીન યાસીન મલેશિયાના વડાપ્રધાન ચૂંટાયા.
- WHOએ કોરોના વાયરસનું રિસ્ક લેવલ હાઈથી વધારીને હાયર કર્યું.
- **ઉમિયાધામ:**
    - o વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારાવૈષ્ણોદેવી સર્કલ પાસે જાસપુરમાં દુનિયાનું સૌથી ઉંચુ મંદિર બનશે.
    - o 431 ફૂટ ઉંચા મંદિરનું 100 વીઘા જમીનમાં એક હજાર કરોડના ખર્ચે નિર્માણ કરવામાં આવશે.
    - o ઇન્ડોર જર્મન ટેક્નોલોજીથી મંદિરનું નિર્માણ કરવાનું હોવાથી જર્મન અને ભારતના આર્કિટેક મંદિરની સંપૂર્ણ ડિઝાઇન તૈયાર કરશે.
- નર્મદા સ્થિત કેવડિયા કોલોની ખાતે ઇન્ડીયા ફાઉન્ડેશન દ્વારા ત્રિદિવસીય ઇન્ડીયા આઇડીયાઝ કોન્કલેવ યોજાઈ. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદી દ્વારા 2020 સુધીમાં આપવામાં આવેલ 'સપનો કા ભારત'નાં વિચાર પર ખાસ ચર્ચા હાથ ધરાઇ હતી.
- મુંબઇ એરપોર્ટમાં વિશ્વનું સૌથી મોટું એરપોર્ટ બેઝ્ડ ટેમ્પરેચર-કંટ્રોલ્ડ ફેસિલીટી ધરાવતું અને ફુલ્લી ઓટોમેટેડ 'એક્સ્પોર્ટ કોલ્ડ ઝોન' શરૂ.
- આસામના મુખ્યમંત્રી સર્બાનંદ સોનોવાલને છઠ્ઠા ભારત વિચાર સંમેલનમાં રાજનીતિ માટે ડો. શ્યામાપ્રસાદ મુખર્જી પુરસ્કાર-2020 આપવામાં આવ્યો.
- SEBIના અધ્યક્ષ અજય ત્યાગીનો કાર્યકાળ 6 મહિના માટે વધારાયો.
- શિક્ષણ રાજ્યમંત્રી શ્રી વિભાવરીબેન દવેના નેતૃત્વ હેઠળના પ્રતિનિધી મંડળે કેન્યા, યુગાન્ડા અને ઝિમ્બામ્વેમાં રોડ શો યોજ્યો.

## 3 માર્ચ

- 3 માર્ચ: વર્લ્ડ વાઇલ્ડલાઇફ ડે.
- સમગ્ર દેશમાં નોંધાયેલા સ્ટાર્ટ અપ ઉધોગ સાહસિક એકમમાં 43 ટકાથી વધુ ગુજરાતમાં નોંધાયા છે.
- ભારત સરકારના રીજ્યનલ આઉટરીચ બ્યુરો દ્વારા રાજ્યના આરોગ્ય વિભાગના સહયોગથી ગાંધીનગર ખાતે મિશન ઇન્દ્રધનુષ-૨ અંતર્ગત લોકસંપર્ક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.
- જામનગરમાં લાખોટા તળાવ ખાતે રોટરી ક્લબ દ્વારા ધમાલ ગલી અંતર્ગત બાળકો માટે દેશી રમતોનું આયોજન કરવામાં આવ્યું.
- ગુજરાત યુનિવર્સીટીની ટેનિસ ટીમે ભુવનેશ્વર, ઓરિસ્સામાં ચાલી રહેલા પ્રથમ ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં કાંસ્ય ચંદ્રક જીત્યો.

- ગુજરાતના વીજ ગ્રાહકોએ સોલાર રૂફટોપ યોજના માટે સૌથી વધુ નોંધણી કરાવીને દેશભરમાં સૌથી વધુ નોંધણીનો રેકોર્ડ બનાવ્યો.
  - o આ યોજના દ્વારા વીજગ્રાહકો પોતાના ઘરવપરાશ માટે વીજળી ઉત્પાદિત કરીને વાપરી શકશે, અને વધારાની ઉત્પાદિત વીજળી પોતે વેચીને વધારાની આવક મેળવી શકશે.
  - o આ વીજળી રાજ્ય સરકાર ખરીદશે.
  - o આ માટે રાજ્ય સરકારે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડને નોડલ એજન્સી પણ જાહેર કરી છે, અને 459 એજન્સીઓને રાજ્ય સરકાર દ્વારા માન્યતા આપી દેવાઇ છે.
- ડાંગ દરબાર અગાઉ યોજાતા ગ્રામીણ ઓલમ્પિકનો પ્રારંભ.
- ખગોળવિદોએ પૃથ્વીથી લગભગ 390 પ્રકાશવર્ષ દૂર આકાશગંગાના કેન્દ્રમાં થયેલ અત્યારસુધીના સૌથી મોટા વિસ્ફોટની માહિતી મેળવી. આ વિસ્ફોટ ધીરે ધીરે કરોડો વર્ષોમાં થયો, જેણે પાછલા રેકોર્ડની તુલનાએ પાંચ ગણી વધુ ઊર્જા પણ
- 19મી વર્લ્ડ પ્રોડક્ટિવીટી કોંગ્રેસ (જે ઉત્પાદકતા વિકાસ માટે દુનિયાનું સૌથી મોટું સંમેલન ગણાય છે) 45 વર્ષો બાદ ભારતમાં (બેંગલુરુમાં) યોજાશે. વર્લ્ડ પ્રોડક્ટિવીટી કોંગ્રેસ-2020 ચોથી ઔદ્યોગિક ક્રાંતિનું પ્રતિનિધિત્વ કરે છે.
- ઇન્ડિયન એરફોર્સે 'માર્શલ ઓફ ધ એર ફોર્સ અર્જનસિંહ ચેર ઓફ એક્સેલન્સ'ની સ્થાપના માટે સાવિત્રીબાઇ ફૂલે પૂણે યુનિવર્સિટી સાથે સમજૂતી કરી.
- ખેલો ઇન્ડિયા યુનિવર્સિટી ગેમ્સમાં પંજાબ યુનિવર્સિટી કુલ 46 (17 ગોલ્ડ, 19 સિલ્વર અને 10 બ્રોન્ઝ) સાથે ચેમ્પિયન બની.
- ટોક્યો મેરેથોનમાં ઇથોપિયાના બીરહનુ લગેસેએ મેન્સ કેટેગરીમાં તથા ઇઝરાયેલની લોનાહ ચેમ્તઇ સલ્પેટરે વિમેન્સ કેટેગરીમાં જીત મેળવી.
- રાફેલ નડાલે મેક્સિકન ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાં મેન્સ સિંગલ્સનો ખિતાબ જીત્યો, જ્યારે હીથર વાટસને વિમેન્સ સિંગલ્સનો ખિતાબ જીત્યો.
- સેન્ટર ફોર મોનિટરિંગ ઇન્ડિયન ઇકોનોમીના રિપોર્ટ મુજબ ફેબ્રુઆરીમાં બેકારી દર વધીને 7.78% થયો, જે ચાર મહિનાની ટોચે છે.

## 4 માર્ચ

- દુબઇ ટેનિસ ચેમ્પિયનશિપમાં નોવાક જોકોવિચે મેન્સ સિંગલ્સનું ટાઇટલ જીત્યું.
- પેક્કા લુનમાર્ક નોકિયાના નવા પ્રેસિડેન્ટ અને CEO નિયુક્ત.
- ગુજરાત રેલવે પોલીસ દ્વારા 'સુરક્ષિત સફર' મોબાઇલ એપ્લિકેશનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ એપ્લિકેશનથી પ્રવાસ કરનાર મુસાફરોને મુસાફરી દરમિયાન પડતી

મુશ્કેલીઓનું ઝડપથી સાનુકૂળ નિરાકરણ મળી રહેશે. આ એપ્લિકેશન દ્વારા મુસાફરોને ટ્રેનમા કિંમતી સામાનની લૂંટ, ધાડ, ચોરી, છેતરપિંડી, અપહરણ, અકસ્માત થયો હોય તો ક્યાં કોને જાણ કરવી? ફરિયાદ ક્યાં આપવી? વગેરે માહિતી મળશે.

- હરિયાણાના રાખીગઢી સ્થળને પ્રમુખ પર્યટન સ્થળ તરીકે વિકસાવાશે. આ ગામ હડપ્પા સંસ્કૃતિનું સૌથી મુખ્ય અને સૌથી મોટા સ્થળોમાંનું એક છે.
- પૃથ્વીની ફરતે પ્રદક્ષિણા કરતો નાનકડો હંગામી ચંદ્ર '2020-CD-3' મળી આવ્યો.
- OECD (ઓર્ગેનાઇઝેશન ફોર ઇકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ)એ 2020-21 માટે ભારતના GDPના અંદાજિત દરને 6.2%થી ઘટાડીને 5.1% કર્યો.
- ઋષિકેશમાં આંતરરાષ્ટ્રીય યોગ મહોત્સવ યોજાયો.
- ઇન્દોરના મહુ સ્થળે દેશનું પ્રથમ અને દુનિયાનું બીજું ઇન્ફન્ટ્રી (પગપાળા સેના) મ્યુઝિયમ બનશે.
- ભારત સરકારે વિશ્વ ધરોહર સૂચિ-2020 માટે દખ્ખણ સલ્તનત અને ગુજરાતનું ધોળાવીરા એમ બે સ્થળોનું નામાંકન આપ્યું.

## 5 માર્ચ

- કેન્દ્રએ મધ્યપ્રદેશમાં રાષ્ટ્રીય ચંબલ અભયારણ્યને પર્યાવરણ સંવેદનશીલ ક્ષેત્ર (ઇકો-સેન્સિટીવ ઝોન) ઘોષિત કર્યું. આ ગંગા ડોલ્ફિન અને ઘડીયાલ માટે જાણીતું છે.
- દયાપાત્રા નેવતિયા L&Tની IT કન્સલ્ટિંગ કંપની માઇન્ડટ્રી લિ.ના COO નિયુક્ત.
- અબુ ધાબી સ્થિત ભારતીય રિટેલ ટાઇકૂન, લૂલૂ ગ્રુપના અધ્યક્ષ એમ. એ. યુસુફ અલી સાઉદી આરબની પ્રિમીયમ રેસિડેન્સી (ગ્રીન કાર્ડ) મેળવનાર પ્રથમ ભારતીય બન્યા.
- ઉન્ની રાધાકૃષ્ણન ડિજિટ્સ ઇન્ડિયાના CEO નિયુક્ત.
- FIH વર્લ્ડ રેન્કિંગમાં ભારતીય પુરુષ હોકી ટીમ ચોથા ક્રમે. બેલ્જિયમ પ્રથમ ક્રમે.
- ચીન માર્ચ 2020 માટે UN સિક્યુરિટી કાઉન્સિલનું અધ્યક્ષ નિયુક્ત.
- સંજય કુમાર પાંડા તુર્કીમાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- RBIએ ક્રિપ્ટોકરન્સી ટ્રેડ પર મુકેલ પ્રતિબંધને સુપ્રીમ કોર્ટે હટાવ્યો.
- આસામ સ્થિત ફોરેસ્ટ મેન જાદવ પાયેંગને પર્યાવરણ સંરક્ષણ માટે 128મો કોમનવેલ્ધ પોઇન્ટ ઓફ લાઇટ એવોર્ડ આપવામાં આવ્યો.
- ડાંગના આહવા ખાતે ડાંગ દરબાર 2020નો દબદબાભેર પ્રારંભ.

## 6 માર્ચ

- રેવન્યુ સેક્રેટરી અજય ભૂષણ પાંડે દેશના નવા નાણા સચિવ નિયુક્ત.

- નવી દિલ્હીમાં આયોજિત ચોથા નેશનલ એક્સેલન્સ એવોર્ડ્સમાં ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટીને 'મોસ્ટ પ્રોમિસિંગ યુનિવર્સિટી ઓફ ધ યર-2019' એવોર્ડ એનાયત.
- નેધરલેંડ ખાતે યોજાયેલ BWF યોનેક્સ ડચ જુનિયર ઇન્ટરનેશનલ ચેમ્પિયનશિપમાં મહેસાણાની તસનીમ મીર અને લખનૌની માનસી સિંઘે બ્રોન્ઝ મેળવ્યો.
- અભિષેક ગાંગુલી પ્યુમા કંપનીના ભારત અને સાઉથ-ઇસ્ટ એશિયાના જનરલ મેનેજર નિયુક્ત.
- એન્જિનિયરિંગ કોલેજોના QS વર્લ્ડ રેન્કિંગમાં IIT બોમ્બે, IIT-દિલ્હી, IIT-ખડગપુર, IIT-મદ્રાસ, અને IIT-કાનપુર એમ પાંચ ભારતીય સંસ્થાઓ ટોપ 100માં સામેલ. JNU આર્ટ્સ એન્ડ હ્યુમનીટી બાબતે 163મા ક્રમે.
- કેબિનેટે 10 PSBનો વિલય 4 બેંકમાં કરવાની મંજૂરી આપી, જે એપ્રિલ-2020થી અમલી બનશે. આ અંતર્ગત ઓરિએન્ટલ બેંક ઓફ કોમર્સ અને યુનાઇટેડ બેંક ઓફ ઇન્ડિયાનો વિલય PNBમાં, સિન્ડીકેટ બેંકનો કેનરા બેંકમાં, આંધ્ર બેંક તથા કોર્પોરેશન બેંકનો વિલય યુનિયન બેંકમાં અને અલ્હાબાદ બેંકનો વિલય ઇન્ડિયન બેંકમાં થશે.
- ભારતીય પૂર્વ સ્પિનર સુનીલ જોશી BCCIની સિલેક્શન કમિટીના ચેરમેન બનશે.
- સુધાંશુ પાંડે MMTC લિ.ના ચેરમેન તથા MD નિયુક્ત.
- લક્ઝમબર્ગે ટ્રાફિક અને પ્રદૂષણનું પ્રમાણ ઓછું કરવા માટે પબ્લિક ટ્રાન્સપોર્ટ સર્વિસ નિ:શુલ્ક કરી. આમ કરનાર આ દેશ દુનિયાનો પ્રથમ દેશ બન્યો.
- વિમેન્સ ICC T20 રેન્કિંગમાં ભારતીય ક્રિકેટર શેફાલી વર્મા પ્રથમ ક્રમે. મિતાલી રાજ બાદ શેફાલી T20 રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવનાર બીજી ભારતીય બેટ્સમેન બની.
- ગુજરાત સરકારે ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે રાજ્યની પ્રથમ સ્કૂલ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ સ્ટડીઝ સેન્ટર સ્થાપવાનો નિર્ણય કર્યો.

**7 માર્ચ**

- SBIના પૂર્વ CFO પ્રશાંત કુમાર યસ બેંક માટે એડમિનિસ્ટ્રેટર (સંચાલક) નિયુક્ત. યસ બેંકનું બોર્ડ ઓફ ડિરેક્ટર્સ 30 દિવસ માટે સસ્પેન્ડ.
- વર્ષ 2019-20 માટે EPFOએ વ્યાજ દર ઘટાડીને 8.5% કર્યો.
- સિંગાપુરના ડેરન તાંગ જિનેવા સ્થિત વિશ્વ બૌદ્ધિક સંપદા સંગઠન (વર્લ્ડ ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનાઇઝેશન-WIPO)ના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- ટાઇમ્સ મેગેઝિનની દુનિયાની 100 સૌથી શક્તિશાળી ઐતિહાસિક મહિલાઓની સૂચિમાં ભારતનાં ભૂતપૂર્વ વડાપ્રધાન ઇન્દિરા ગાંધી અને સ્વતંત્રતા સેનાની અમૃત કૌર સામેલ.
- ડેનિસ શિમગલ યુક્રેનના વડાપ્રધાન નિયુક્ત.

- પી. વી. સિંધૂએ ટાઈમ્સ ઓફ ઇન્ડિયા સ્પોર્ટ્સ એવોર્ડ્સ (TOISA)માં સ્પોર્ટ્સ પર્સન ઓફ ધ યર-2019નો ખિતાબ જીત્યો.
- અભિનેત્રી કરીના કપૂર પ્યૂમાની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- વુહાનમાં યોજાનાર બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપ-2020ની મેજબાની હવે ફિલિપાઇન્સ કરશે. ચીનમાં ફેલાયેલ રોગચાળા (COVID-19)ને કારણે આ ચેમ્પિયનશિપ મનીલા (ફિલિપાઇન્સ)માં યોજાશે.
- અમેરિકામાં આવેલ 7 વર્ષના સૌથી ભીષણ વાવાઝોડાને કારણે ટેનેસીમાં કટોકટી જાહેર કરાઈ.
- 50 દેશોના પ્રતિનિધિ વચ્ચે અમેરિકા અને તાલિબાન વચ્ચે સમજૂતી થતા અફઘાનિસ્તાનમાં 18 વર્ષ જૂના યુદ્ધનો અંત. અમેરિકા 14 મહિનામાં સૈનિકોને પરત બોલાવી લેશે તો તાલિબાન હુમલા નહિ કરે.
- આદિત્ય રાજ 7 દિવસમાં 7 ઉપખંડમાં 7 મેરેથોન પૂર્ણ કરીને વર્લ્ડ મેરેથોન ચેલેન્જ પૂર્ણ કરનાર પ્રથમ ભારતીય બન્યો.

**8 માર્ચ**

- જાનેઝ ઝન્સા સ્લોવેનિયાના વડાપ્રધાન નિયુક્ત.
- અનુરાગ મેહરોત્રા મહિન્દ્રા-ફોર્ડ ઓટોમોટીવના CEO નિયુક્ત.
- ICC રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવનાર સૌથી નાની વયની ભારતીય મહિલા ક્રિકેટર શેફાલી વર્મા પેપ્સીની નવી બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- સેન્ટર ફોર ઇન્ફર્મેશન કમિશને બિમલ જુલ્કા ચીફ ઇન્ફર્મેશન કમિશનર (CIC) નિયુક્ત કર્યા, જ્યારે અમિતા પંડોવે ઇન્ફર્મેશન કમિશનર નિયુક્ત.
- થિયેટર ડિરેક્ટર બેરી જોન મહિન્દ્રા એકસેલન્સ ઇન થિયેટર એવોર્ડ્સ-2020માં લાઇફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત.
- 8 માર્ચ: વિશ્વ મહિલા દિવસ.
- જમ્મુ-કાશ્મીરમાં પ્રથમ ખેલો ઇન્ડિયા વિન્ટર ગેમ્સ શરૂ.
- અમેરિકન ડેમોક્રેસી વોચડોગ 'ફ્રીડમ હાઉસ'ના ફ્રીડમ ઇન ધ વર્લ્ડ-2020 રિપોર્ટમાં ભારત 83મા ક્રમે.
- નાસાએ પોતાના માર્સ 2020 રોવરનું સત્તાવાર નામ 'પેરસેવેરાંસ' (Perseverance) રાખ્યું, જે એક વિદ્યાર્થી એલેકઝાન્ડર માથેર દ્વારા સૂચિત કરવામાં આવ્યું.
- જીનેવાની NGO એડવાઇઝર સંસ્થાના ટોપ 500 ગ્લોબલ NGOs-2020 લિસ્ટમાં બાંગ્લાદેશની ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન BRAC (બિલ્ડીંગ રિસોર્સીસ અક્રોસ કમ્યુનિટીઝ) સતત પાંચમા વર્ષે પ્રથમ ક્રમે. આ સંસ્થાની શરૂઆત 1972માં

બાંગ્લાદેશ રિહેબિલિટેશન આસિસ્ટન્સ કમિટી નામથી થઇ હતી, જે પાછળથી બદલાઈને બિલ્ડીંગ રિસોર્સીસ અક્રોસ કમ્યુનિટીઝ નામે ઓળખાય છે.

- ભારતીય વીમા નિયંત્રણ અને વિકાસ સત્તામંડળ (IRDA)એ કોરોના વાયરસની સારવારને વીમા કવચ હેઠળ આવરી લેવાનો નિર્દેશ આપ્યો.

## 9 માર્ચ

- SBI યસ બેંકની 49% ભાગીદારી 2,450 કરોડ રૂપિયામાં ખરીદશે.
- ED (ઇન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ) દ્વારા મની લોન્ડરિંગના આરોપસર યસ બેંકના સંસ્થાપક રાણા કપૂરની ધરપકડ.
- ભારત સરકારે દિનદયાલ અંત્યોદય યોજના-નેશનલ અર્બન લીવલીહૂડ્સ મિશન (DAY-NULM) અંતર્ગત SHG દ્વારા બનાવાયેલ પ્રોડક્ટ્સના ઈ-માર્કેટિંગ માટે એમેઝોન સાથે ભાગીદારી કરી.
- ઓસ્ટ્રેલિયાની ટીમે ભારતને હરાવીને વિમેન્સ T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો.
- 5મું BIMSTEC શિખર સંમેલન-2020 શ્રીલંકામાં યોજાશે.
- વેસ્ટ ઇન્ડિઝનો કેપ્ટન કીરોન પોલાર્ડ 500 T20 મેચ રમનાર વિશ્વનો પ્રથમ ક્રિકેટર બન્યો.
- નાઈટ ફ્રેંકના વેલ્થ રિપોર્ટ-2020 અનુસાર ભારતમાં અલ્ટ્રા હાઇ નેટ-વર્થ વ્યક્તિઓ (UHNWI)ની સંખ્યા આગામી પાંચ વર્ષોમાં 73% સુધી વધવાનો અંદાજ.
- ઉત્તરાખંડને રાજ્યનો દરજ્જો મળ્યાના 20 વર્ષો બાદ ગેયરસનને તેની ગ્રીષ્મકાલીન રાજધાની ઘોષિત કરવામાં આવ્યું.
- સંજીવ નોટીયાલ SBI લાઈફ ઈન્સ્યોરેન્સ કંપનીના MD અને CEO નિયુક્ત.

## 10 માર્ચ

- QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ બાય સબ્જેક્ટ-2020માં IIT-બોમ્બે અને IIT-દિલ્હીએ એન્જિનિયરિંગ અને ટેકનોલોજી કેટેગરીમાં ટોપ 50માં સ્થાન મેળવ્યું.
- સાયન્સ એન્ડ ટેકનોલોજી મિનીસ્ટ્રીના TIFAC (ટેકનોલોજી ઇન્ફર્મેશન, ફોરકાસ્ટિંગ એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલ)એ વિજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે વિજ્ઞાન જ્યોતિ યોજના શરૂ કરી.
- ભારત સરકાર સાર્વજનિક યુનિટ ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિ. (BPCL)માંની પોતાની 52.98% ભાગીદારી વેચશે.
- દિલ્હીમાં આયોજિત હોકી ઇન્ડિયા એન્યુઅલ એવોર્ડ્સમાં મનપ્રીત સિંહે મેન્સ કેટેગરીમાં અને રાની રામપાલે વિમેન્સ કેટેગરીમાં પ્લેયર ઓફ ધ યર-2019નો ખિતાબ જીત્યો.

- કેન્દ્ર સરકારના પોષણ અભિયાન મિશનમાં ભાગ લેનારાઓની સંખ્યાની બાબતમાં તમિલનાડુ પ્રથમ ક્રમે.
- સુરત એરપોર્ટને મોરારજી દેસાઈનું નામ આપવાનો પ્રસ્તાવ.
- COVID-19થી મૃત્યુ પામનારાની બાબતે ચીન બાદ ઇટલી બીજા ક્રમે.
- મધ્યપ્રદેશના સિનિયર કોંગ્રેસ નેતા જ્યોતિરાદિત્ય સિંદિયાનું પાર્ટીમાંથી રાજીનામુ.

## 11 માર્ચ

- વિશ્વની સૌથી મોટી મહિલા ધાર્મિક મંડીઓમાંની એક પ્રસિદ્ધ મંડી અટ્ટુકલ પોંગાલા તિરુવનંતપુરમમાં યોજાઇ.
- રણજી ટ્રોફીમાં 12,000 રન બનાવનાર એકમાત્ર બેટ્સમેન વસીમ જાફરે ક્રિકેટના દરેક ફોરમેટમાંથી સન્યાસની ઘોષણા કરી.
- વર્ષ જુલાઈ-2021 સુધીમાં ચંદ્રયાન-3 લોન્ચ કરવાની ભારતની યોજના.
- હિંદુસ્તાન એરોનોટિક્સ લિ. (HAL) વિયેતનામ, મલેશિયા, ઇન્ડોનેશિયા અને શ્રીલંકાને ભારતનાં સૈન્ય હેલિકોપ્ટર અને લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ ખરીદવા માટે આકર્ષિત કરવા આ દેશોમાં લોજિસ્ટિક્સ બેઝ સ્થાપિત કરશે.
- લેફ્ટનન્ટ જનરલ કે. જે. એસ. ઢીલ્લોં ડિફેન્સ ઇન્ટેલિજન્સ એજન્સી (DIA)ના ડિરેક્ટર જનરલ નિયુક્ત.
- પૂનમ યાદવ ICC વિમેન્સ T20 વર્લ્ડ કપની ટીમ ઓફ ધ ટૂર્નામેન્ટમાં સામેલ થનાર એકમાત્ર ભારતીય.
- બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઇન્ડેક્સ અનુસાર મુકેશ અંબાણીને પછાડીને અલીબાબા ગ્રુપના સંસ્થાપક જેક મા એશિયાના સૌથી અમીર વ્યક્તિ.
- ડાંગરની ખેતીમાં આવેલ પડતીને રોકવા માટે એક નવી પહેલ તરીકે યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચરલ એન્ડ હોર્ટીકલ્ચર સાયન્સીઝે ડાંગરની એક નવી જાત 'સહાદ્રી મેઘા' વિકસાવી.
- મૂડીઝે G-20 દેશોના ગ્રોથ આઉટલૂકનો અંદાજ ઘટાડીને 2.1% કર્યો.
- પોષણ અભિયાનના સમગ્ર અમલીકરણ બાબતે આંધ્રપ્રદેશ પ્રથમ ક્રમે.

## 12 માર્ચ

- મોહન બાગાન એથલીટ ક્લબે આઈઝોલ FCને હરાવીને આઈ-લીગ 2019-20નો ખિતાબ જીત્યો.
- સોલાર રૂફટોપ પ્લાન્ટ ઈંસ્ટોલેશન બાબતે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે.

- સ્ટોકહોમ ઇન્ટરનેશનલ પીસ રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ (SIPRI)ના ઇન્ટરનેશનલ આર્મ્સ ટ્રાન્સફર રિપોર્ટ-2019 અનુસાર સાઉદી આરબ બાદ ભારત વિશ્વનો બીજો સૌથી મોટો હથિયાર આયાત કર્તા દેશ છે.
- પી. વી. સિંધૂએ BBC ઇન્ડિયન સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર-2019નો ખિતાબ જીત્યો.
- નુપુર કુલશ્રેષ્ઠા ઇન્ડિયન કોસ્ટ ગાર્ડનાં પ્રથમ મહિલા DIG નિયુક્ત.
- એગ્રીકલ્ચરલ રિસર્ચ, શિક્ષણ, વિસ્તાર અને વહીવટ ક્ષેત્રે યોગદાન આપવા બદલ પ્રો. જયશંકર તેલંગાણા સ્ટેટ એગ્રીકલ્ચર યુનિ.ના કુલપતિ વી. પ્રવીણ રાવ 7મા ડૉ. એમ.એસ. સ્વામિનાથન એવોર્ડથી સન્માનિત.
- સેલ્ફ હેલ્પ ગ્રુપ (SHG) માટે એક વિશેષ વિભાગ રાખનાર ઓરિસ્સા પ્રથમ રાજ્ય બનશે. ઓરિસ્સા SHG માટે 'મિશન શક્તિ' નામનો વિભાગ શરૂ કરશે.
- ચાલસાની વેંકટ નાગેશ્વર SBIના ડેપ્યુટી MD અને CFO (ચીફ ફાયનાન્સ ઓફિસર) નિયુક્ત.
- SBIએ સેવિંગ્સ બેંક ખાતામાં ન્યૂનતમ બેલેન્સ રકમની મર્યાદા સમાપ્ત કરી તથા બચત બેંકના વ્યાજ દરને ઘટાડીને 3% કર્યો.

## 13 માર્ચ

- સંયુક્ત રાષ્ટ્રના એક રિપોર્ટ અનુસાર મહિલાઓ વિરુદ્ધ પક્ષપાતપૂર્ણ વિચાર રાખનાર લોકોની બાબતે પાકિસ્તાન ટોચ પર.
- ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસના ડિરેક્ટર જનરલ (DG) એસ. એસ. દેસવાલ BSFના DG તરીકેનો વધારાનો કાર્યભાર સોંપાયો.
- SIPRIના ઇન્ટરનેશનલ આર્મ્સ ટ્રાન્સફર રિપોર્ટ-2019 અનુસાર અમેરિકા પ્રમુખ હથિયારોનો સૌથી મોટો નિકાસકર્તા દેશ છે.
- પંકજ અડવાણીએ અમદાવાદમાં આયોજિત નેશનલ 6-રેડ સ્નૂકર ચેમ્પિયનશિપ જીતી.
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-2020 લેહમાં યોજાશે.
- 'જોય બાંગ્લા' બાંગ્લાદેશનું નેશનલ સ્લોગન (રાષ્ટ્રીય સૂત્ર) જાહેર કરાયું.
- વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF)ના 115 યંગ ગ્લોબલ લીડર્સ (40 વર્ષથી ઓછી વય)ની યાદીમાં બાયજુસ કલાસીસના સંસ્થાપક બાયજુ રવિન્દ્રન અને ઝોમેટોના સહ-સંસ્થાપક ગૌરવ ગુપ્તા સહિત છ ભારતીયો સામેલ.
- BBC વર્લ્ડ હિસ્ટ્રીઝ મેગેઝીનના પોલ રીવ્યૂમાં 19મી સદીના સિખ સામ્રાજ્યના શાસક મહારાજા રણજીત સિંઘને 'ગ્રેટેસ્ટ લીડર ઓફ ઓલ ટાઇમ' તરીકેનું બિરુદ.
- 'વિંગ્સ ઇન્ડિયા-2020' ઇન્ટરનેશનલ બિઝનેસ એક્ઝીબીશન અને કોન્ફરન્સ હૈદરાબાદમાં યોજાશે.

## 14 માર્ચ

- જાપાનની બીજી સૌથી મોટી એડવર્ટાઈઝિંગ કંપની હકુહોડો ઇન્કએ ભારતની મારટેક (MarTech) કંપની AdGlobal360નું અધિગ્રહણ કર્યું.
- ઉત્તર-પૂર્વી કેન્યામાં દુનિયાનું એક માત્ર સફેદ માદા જિરાફ તેના બચ્ચા સહિત શિકારીઓનું શિકાર બન્યું.
- ગ્લોબલ એનિમલ પ્રોટેક્શન ઇન્ડેક્સ-2020માં ભારત તથા સ્પેન, મેક્સિકો, ફ્રાન્સ અને ન્યુઝીલેન્ડને 'C' ગ્રેડ. UK, ડેન્માર્ક, સ્વિત્ઝરલેન્ડ તથા ઓસ્ટ્રિયા 'B' ગ્રેડ. 'A' ગ્રેડ કેટેગરીમાં કોઈ રાષ્ટ્ર નહિ.
- મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનું નામ બદલીને નાના શંકર સેઠના નામ પર રાખવામાં આવશે.
- અમિતાભ બચ્ચન IDFC FIRST બેંકના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત.
- ભારતમાં પ્રથમ વખત પોસ્ટ વિભાગે કોલકાતામાં મફત ડિજિટલ પાર્સલ લોકર સેવા શરૂ કરી.
- ક્લાઉડમાં દુનિયાનું પ્રથમ ડિજિટલ સોલ્યુશન એક્સચેન્જ GOKADDAL ભારતમાં લોન્ચ.
- કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં 4%નો વધારો થતા DA 21% થશે. જાન્યુઆરી-2020થી આ વધારો અમલી ગણાશે.
- બંગાળ ટીમને હરાવીને સૌરાષ્ટ્ર ટીમે રણજી ટ્રોફી 2019-20 ચેમ્પિયનશિપ જીતી. સૌરાષ્ટ્ર ટીમ 83 વર્ષ બાદ રણજી ચેમ્પિયન બન્યું.

## 15 માર્ચ

- ભારતીય મૂળના વ્યવસાયી રાજેશ ચપલોત યુગાન્ડાના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર (ગોલ્ડન જુબિલી મેડલ-સિવિલિયન)થી સન્માનિત.
- વેલકમ ગ્રુપ ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ હોટલ એડમિનિસ્ટ્રેશન (WGSHA)-મનિપાલ સ્થિત પાક શાળા (કલિનરી)એ લિમ્કા બુકમાં ભારતના પ્રથમ જીવંત પાક કળા સંગ્રહાલય (India's First living Culinary Museum)તરીકેનો રેકોર્ડ બનાવ્યો.
- અમેરિકાના ગોલ્ફર ટાઈગર વુડ્સ વર્લ્ડ ગોલ્ફ હોલ ઓફ ફેમ (પાર્ટ ઓફ ક્લાસ-2021)માં સામેલ થશે.
- બિલ ગેટ્સે લોક-કલ્યાણનાં કાર્યો માટે માઈક્રોસોફ્ટના બોર્ડમાંથી રાજીનામું આપ્યું.
- ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ હેકાથોન અને સાયબર ચેલેન્જ 2020 સ્પર્ધામાં ગુજરાત પોલીસે દેશભરના રાજ્યોમાં પ્રથમ સ્થાન મેળવ્યું.
- પુણેની નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજીના વૈજ્ઞાનિકોએ કોવિડ-19ના 11 પ્રકારના જીવાણુઓને અલગ પાડ્યા છે. આમ જાપાન, થાઇલેન્ડ, અમેરિકા અને ચીન પછી આ જીવાણુના પ્રકારોને સફળતાથી અલગ પાડનારો ભારત પાંચમો દેશ બન્યો.

- યસ બેંકની સત્તાવાર મૂડી 1,100 કરોડ રૂપિયાથી વધારીને 6,200 કરોડ કરાઈ.

## 16 માર્ચ

- 16 માર્ચ: નેશનલ વેક્સિનેશન ડે.
- કેટરીના સકેરાપોલુ ગ્રીસનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ બન્યાં.
- કેબિનેટે RBI દ્વારા પ્રસ્તાવિત યસ બેંકના પુન:નિર્માણની યોજનાને મંજૂરી આપી.
- બ્રિટન સરકારે લંડન સ્થિત આંબેડકર હાઉસ બંધ ન કરવા માટેની ભારતની અપીલ સ્વીકારી.
- નીતા અંબાણી '10 મોસ્ટ ઇન્ફ્લુએન્સીયલ વિમેન ઇન સ્પોર્ટ્સ ફોર 2020' લિસ્ટમાં સામેલ. તેમનું નામ સેરેના વિલિયમ્સ અને સિમોન બાઇલ્સ સાથે મુકવામાં આવેલ છે.
- નવી દિલ્હી સ્ટેશન (NDLS) વિશ્વ સ્તરીય રેલવે સ્ટેશન બનશે. NDLS ભારતીય રેલવેમાં આધારભૂત સંરચનાત્મક સુધારા માટેનું પ્રથમ સ્ટેશન છે.
- પ્રશાંત કુમાર યસ બેંકના નવા MD અને CEO નિયુક્ત તથા સુનીલ મહેતા નોન-એક્ઝીક્યુટીવ અધ્યક્ષ નિયુક્ત.
- સિંગાપુર સંપૂર્ણ રીતે ફેશિયલ રિકગ્નિશન ટેકનિક અપનાવનાર વિશ્વનો પ્રથમ દેશ બનશે. કોઈ પણ કામ માટે ફોટો આઈડીના સ્થાને માત્ર ફેસ રિકગ્નિશનથી કાર્ય થશે.

## 17 માર્ચ

- સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB)ના ઈન્સ્પેક્શન રિપોર્ટમાં પ્રદૂષણના નિયમોનો ભંગ કરવા બાબતે દેશમાં સૌથી વધુ ગુજરાતના 41 ઉદ્યોગો. મહારાષ્ટ્ર બીજા ક્રમે.
- અચંતા શરથ કમલે ITTF ચેલેન્જર પ્લસ ઓમાન ઓપનમાં મેન્સ સિંગલ્સનો ખિતાબ જીત્યો.
- ઓલ ઇંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ડેન્માર્કના વિક્ટર એક્સેલસેને મેન્સ સિંગલ્સનો તથા તાઇવાનની તાઇ ત્ઝૂ યિંગે વિમેન્સ સિંગલ્સનો ખિતાબ જીત્યો.
- ઇન્ટરનેશનલ ડાર્ક-સ્કાય એસોસિએશન (IDA) દ્વારા નિઉ દેશ સંપૂર્ણ રીતે વિશ્વનું પ્રથમ 'ડાર્ક સ્કાય નેશન' ઘોષિત. માત્ર 1600 લોકોની વસ્તી ધરાવતો નિઉ દેશ સાઉથ પેસિફિક ઓશનનો એક નાનો ટાપુ દેશ છે.
- જસ્ટીસ બંસીલાલ ભટ નેશનલ કંપની લો અપીલેટ ટ્રીબ્યુનલ (NCLAT)ના કાર્યવાહક અધ્યક્ષ નિયુક્ત.
- ધ વાયરનાં સિનિયર એડિટર આરફા ખાનમ શેરવાની અને બેંગલુરુનાં એક સ્વતંત્ર પત્રકાર રોહિણી મોહન સંયુક્ત રીતે ચમેલી દેવી જૈન પુરસ્કારથી સન્માનિત.

- ફિલીપિન્સ COVID 19ને કારણે તમામ પ્રકારના ફાઇનાન્સિયલ માર્કેટ્સ સસ્પેન્ડ કરનાર દુનિયાનો પ્રથમ દેશ બન્યો. ફિલીપિન્સ સ્ટોક માર્કેટ અનિશ્ચિત મુદત માટે બંધ.
- GSTનો દર ઘટવા છતાં ગ્રાહકોને ઊંચી કિંમતે સમાન વેચવા બદલ પતંજલિ આયુર્વેદ લિ. પર નેશનલ એન્ટી પ્રોફિટિયરિંગ ઓથોરીટી (NAA) દ્વારા 75 કરોડ રૂપિયાનો દંડ.

## 18 માર્ચ

- ફ્લિપકાર્ટે પેપરલેસ લાઇફ ઈન્સ્યોરન્સ પોલિસી વેચવા માટે એગોન લાઇફ ઈન્સ્યોરન્સ સાથે ભાગીદારી કરી.
- નોકરશાહમાંથી રાજનેતા બનેલ મનોહર પારિકરના જીવન પર આધારિત એક પુસ્તક 'એન એક્સ્ટ્રાઓર્ડિનરી લાઇફ: અ બાયોગ્રાફી ઓફ મનોહર પારિકર' લોન્ચ કરવામાં આવ્યું.
- રવિન્દર સિંઘ ઢીલ્લોં પાવર ફાયનાન્સ કોર્પોરેશન (PFC)ના CMD નિયુક્ત.
- ATK FCએ ચેન્નઈ FCને હરાવીને ઇન્ડિયન સુપરલીગ 2019-20નો ખિતાબ જીત્યો.
- અજય કુમાર યુગાન્ડામાં ભારતના આગામી હાઈ કમિશનર નિયુક્ત.
- માઈક્રોસોફ્ટ ઇન્ડિયા અને નાસકોમ ફાઉન્ડેશને દિવ્યાંગજનોને સશક્ત બનાવવા માટે Innovate for Accessible India અભિયાન શરૂ કર્યું.
- વર્લ્ડ સિટીઝ સમિટ-2020 જુલાઈમાં સિંગાપુરમાં યોજાશે.
- અદનાન ઝુરફી ઈરાકના વડાપ્રધાન નિયુક્ત.

## 19 માર્ચ

- કરણ બાજવા ગુગલ ક્લાઉડ ઇન્ડિયાના નવા MD નિયુક્ત.
- વિશ્વની પ્રથમ કોમર્શિયલ ફ્લાયિંગ કાર 'PAL-V (પર્સનલ એર-લેન્ડ વ્હિકલ) લિબર્ટી' ગુજરાતમાં બનશે.
- રાજીવ બજાજ ફરીથી બજાજ ઓટોના MD અને CEO નિયુક્ત.
- મનીકરન પાવર લિ. (MPL) ભારતના પ્રથમ ગેસ ટ્રેડીંગ પ્લેટફોર્મ 'ઇન્ડિયન ગેસ એક્સચેન્જ (IGX)'નું પ્રથમ મેમ્બર બન્યું. IGX ઇન્ડિયન એનર્જી એક્સચેન્જ (IEX)નો એક ભાગ છે.

## 20 માર્ચ

- એથિસ્ફિયર ઇન્સ્ટીટયુટની દુનિયાની 132 સૌથી નૈતિક કંપનીઓની યાદીમાં વિપ્રો અને ટાટા સ્ટીલ સામેલ. વિપ્રો અને ટાટા સ્ટીલ સતત નવમા વર્ષે આ યાદીમાં સામેલ.

- ભારતના પૂર્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ રાજ્યસભાના નામાંકિત મેમ્બર તરીકે શપથ લીધા.
- સરકારનો દેશની જનતાને 22 માર્ચના રોજ જનતા કર્ફ્યૂ પાળવાનો અનુરોધ.
- સરકાર ફાયનાન્સ મિનિસ્ટરની અધ્યક્ષતામાં COVID 19 ઇકોનોમિક રીકવરી ટાસ્કફોર્સની રચના કરશે.

## 21 માર્ચ

- સાઉદી આરબમાં વર્ચ્યુઅલ G20 લીડર્સ સમિટ-2020 યોજાશે.
- ઇન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)ના રિપોર્ટ મુજબ ભારત વિશ્વનો ત્રીજો સૌથી મોટો વીજ ઉત્પાદક દેશ છે.
- જામનગર સ્થિત આયુર્વેદ સંસ્થાઓના ક્લસ્ટરને રાષ્ટ્રીય મહત્વની સંસ્થાનો દરજ્જો આપવા માટે લોકસભાએ બિલ પસાર કર્યું.
- ઇન્ડિયન રેલવેની ડિસેમ્બર-2023 સુધીમાં તમામ બ્રોડ ગેજ રૂટનું વીજળીકરણ કરવાની યોજના.

## 22 માર્ચ

- ફિચ રેટિંગ્સે ગ્લોબલ ઇકોનોમિક આઉટલુક-2020માં COVID19ના પ્રભાવને કારણે વર્ષ 2020-21 માટે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસનું અનુમાન ઘટાડીને 5.1% કર્યું.
- 22 માર્ચ: વર્લ્ડ વૉટર ડે. (વિશ્વ પાણી દિવસ)
- ICC ડેવલપમેન્ટ અમ્પાયર્સની ઇન્ટરનેશનલ પેનલમાં ભારતનાં જનની નારાયણન અને વૃંદા રાઠી સામેલ.

## 23 માર્ચ

- UNના વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં ફિનલેન્ડ વિશ્વનો સૌથી પ્રસન્ન દેશ. 156 દેશોના સર્વેમાં ભારત 144મા ક્રમે. ફિનલેન્ડ પ્રથમ.
- પર્વતારોહક સત્યરૂપ સિદ્ધાંત વિશ્વના સાતેય ખંડોમાં સૌથી ઊંચા જ્વાળામુખી પર્વત પર ચઢનાર પ્રથમ ભારતીય તરીકે 'લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સ'માં સામેલ.
- DBS બેંક ઇન્ડિયાએ COVID19 સહિત તમામ પ્રકારના મેડીક્લેમ માટે એક કોમ્પલીમેન્ટરી વીમા યોજના તૈયાર કરવા માટે ભારતી AXA સાથે સમજૂતી કરી.
- જનતા કર્ફ્યૂના સમર્થનમાં શાહીનબાગ (દિલ્હી)માં મહિલાઓએ CAA અને NRC વિરુદ્ધના પ્રદર્શન સ્થળેથી હટીને જગ્યા પર માત્ર ચપ્પલ મુકીને પ્રતિકાત્મક રીતે વિરોધ ચાલુ રાખ્યો.

- ભારતીય રેલવેના ઈતિહાસમાં પ્રથમ વખત પ્રવાસી ટ્રેનો બંધ. COVID-19ને કારણે 22મી માર્ચથી 31 માર્ચ-2020 સુધી પ્રવાસી ટ્રેનો બંધ રહેશે.
- 23 માર્ચ: શહીદ દિવસ. ઈ.સ. 1931માં આ દિવસે ત્રણ મહાન સ્વાતંત્ર્ય સેનાનીઓ ભગત સિંહ, રાજગુરૂ અને સુખદેવને ફાંસીએ લટકાવાયા હતા.

## 24 માર્ચ

- ઇંગ્લીશ ક્રિકેટર જોની બેરસ્ટોના માતા જેનેટ બેરસ્ટો ઇંગ્લીશ કાઉન્ટી ટીમ યોર્કશાયરનાં પ્રથમ મહિલા ઉપાધ્યક્ષ બન્યાં.
- ક્વોરન્ટાઇન એટલે થોડો સમય માટે અલગ અલગ રહેવાની રીત. આ શબ્દ ઇટલીના ક્વારન્ટા જિઓની પરથી ઉતરી આવ્યો છે, જેનો અર્થ 40 દિવસનો થાય છે. 600 વર્ષ પહેલા પ્લેગથી બચવા માટે ઇટલીએ આ સિસ્ટમ શરૂ કરી હતી.
- જુલાઈ-2020માં IIT-મદ્રાસમાં ભારતની પ્રથમ હાઈપરલૂપ પૉડ કોમ્પિટિશન યોજાશે.
- COVID-19ના નિયંત્રણ માટે સરકારે NITIના સભ્ય ડૉ. વી. કે. પોલની અધ્યક્ષતામાં મેડિકલ એક્સપર્ટ્સની ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરી.
- શિવરાજ સિંહ ચૌહાણે મધ્યપ્રદેશના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા.
- પાકિસ્તાનની બાબર-2 સુપરસોનિક મિસાઈલ લૉન્ચ થયાની બે મિનિટમાં જ દુર્ઘટનાગ્રસ્ત થતાં પાકિસ્તાનનો આ મિસાઈલનો બીજો પ્રયાસ પણ નિષ્ફળ.

## 25 માર્ચ

- ભારતના નેતૃત્વ વાળી વૈશ્વિક પહેલ 'કોલીઝન ફોર ડિઝાસ્ટર રેજિલિએન્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર' (CDIR)માં બ્રિટન પ્રથમ સહ-અધ્યક્ષ.
- કેનેડા COVID-19ને કારણે ટોક્યો ઓલિમ્પિક-2020માંથી સ્વૈચ્છિક રીતે બહાર. કેનેડા ઓલિમ્પિક ગેમ્સમાં પોતાના એથ્લીટ્સને નહી મોકલનાર પ્રથમ રાષ્ટ્ર બન્યું.
- કેનેડા ઉપરાંત ઉત્તર કોરિયા અને ઇન્ડોનેશિયા પણ ઓલિમ્પિક-2020માંથી બહાર નીકળી ગયા.
- રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે મુંબઈમાં ભારતની પ્રથમ COVID-19 સમર્પિત હોસ્પિટલ સ્થાપી.
- સુમંત કથપાલિયા ઈન્ડસઇન્ડ બેંકના CEO અને MD નિયુક્ત.
- કોરોના વાયરસના ચેપને રોકવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 25 માર્ચથી 21 દિવસ સુધીના દેશવ્યાપી લોકડાઉનની ઘોષણા.

## 26 માર્ચ

- COVID-19 બાદ ચીનમાં હંતા વાયરસથી એકનું મૃત્યુ. આ વાયરસ ઓર્થોહંતા વાયરસથી પણ ઓળખાય છે.
- હેરિટેજ ફાઉન્ડેશન અને ધ વોલ સ્ટ્રીટ જર્નલના આર્થિક સ્વતંત્રતા બાબતે વૈશ્વિક સૂચકાંકમાં સિંગાપુર પ્રથમ ક્રમે. ભારત 120મા ક્રમે.
- રશિયાના પૂર્વ કુરીલ દ્વીપમાં 7.5ની તીવ્રતાનો ભૂકંપ.
- COVID-19ને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં આવનાર મંદી 2009ની મંદી કરતાં પણ ભયંકર હોવાનો IMFનું અનુમાન.
- ભારતીય મૂળનાં અમેરિકન લેખિકા રૂચિકા તોમરે પોતાની પ્રથમ નવલકથા 'અ પ્રેયર ફોર ટ્રાવેલર્સ' માટે PEN/હેમિંગ્વે-2020 એવોર્ડ જીત્યો.

## 27 માર્ચ

- IOC સમગ્ર ભારતમાં BS-VI ફ્યુઅલ સપ્લાય કરવાનું શરૂ કરનાર દેશની પ્રથમ કંપની બની. તે સમગ્ર દેશમાં કુલ 28,000 પેટ્રોલપંપ્સ પર આ ફ્યુઅલનો પુરવઠો પૂરો પાડશે.
- ગુજરાત પોલીસ ટેસર ગન્સ (ઇલેક્ટ્રિકલ વેપન) ધરાવનાર દેશની પ્રથમ સ્ટેટ પોલીસ બની.
- RBIએ રેપોરેટ 0.75% ઘટાડીને 4.4% કર્યો. જ્યારે રિવર્સ રેપોરેટ 0.90% ઘટાડીને 4% કર્યો.
- પુણેની MyLab ટેસ્ટ સર્વિસીસ COVID-19 ટેસ્ટીંગ કીટના વેચાણ માટે CDSCO પાસેથી કોમર્શિયલ અપ્રુવલ મેળવનાર પ્રથમ ભારતીય કંપની બની.
- ટોક્યો ઓલિમ્પિક-2020ને એક વર્ષ સુધી મુલતવી રાખવાનો IOC (ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી)નો નિર્ણય.
- તમિલનાડુ રાજ્યના નવા જિલ્લાની ઘોષણા. નવો મયિલાદુથુરાઇ રાજ્યનો 38મો જિલ્લો બનશે.
- સાઉદી અરબના કિંગ સલમાન બિન અબ્દુલઅઝીઝ અલ સૌદ વર્ચ્યુઅલ G-20 લીડર્સ સમિટની અધ્યક્ષતા કરશે.

## 28 માર્ચ

- ઇઝરાયેલના હિલેલ ફૂરસ્ટેનબર્ગ અને રશિયન-અમેરિકન ગ્રેગરી મારગુલિસે એબલ પ્રાઇઝ-2020 જીતી.

- UN ઇન્ટરનેશનલ ટેલિકોમ્યુનિકેશન યુનિયને કોરોના વાયરસ સંકટ દરમ્યાન દૂરસંચાર સેવાઓની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે 'ધ ગ્લોબલ નેટવર્ક રેઝિસ્ટન્સી પ્લેટફોર્મ' લોન્ચ કર્યું.
- FIFA કેમ્પેઇન અગેઇન્સ્ટ COVID-19 માટે ઇન્ડિયન ફૂટબોલર સુનીલ છેત્રીની પસંદગી.
- સમીર અગરવાલ વોલમાર્ટ ઇન્ડિયાના CEO નિયુક્ત.
- સરકારે મેલેરિયા વિરોધી દવા હાઇડ્રોક્સીક્લોરોક્વીનની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો.

## 29 માર્ચ

- ઇન્ડિયન ફિલ્મમેકર ઝોયા અખ્તર સિનેમા દ્વારા વર્લ્ડ ટુરિઝ્મમાં મહત્વનું યોગદાન આપવા માટે IIFTC ટુરિઝ્મ ઇમ્પેક્ટ એવોર્ડ-2020થી સન્માનિત. 2011માં સ્પેનમાં શૂટ કરાયેલ 'ઝિન્દગી ન મિલેગી દોબારા' અને 2015માં તુર્કીમાં શૂટ કરાયેલ ફિલ્મ 'દિલ ધડકને દો' દ્વારા તેણે ટુરિઝ્મને પ્રમોટ કર્યું.
- CRISILએ 2020-21 માટે ભારતીય અર્થતંત્રના વિકાસ દરનું અનુમાન 5.2%થી ઘટાડીને 3.5% કર્યું.
- મહિલાઓ દ્વારા સંચાલિત વિશ્વની સૌથી મોટી આધ્યાત્મિક સંસ્થા બ્રહ્માકુમારીનાં પ્રમુખ રાજયોગિની દાદી જાનકીનું 104 વર્ષની વયે નિધન. તેમણે વિશ્વના 1400 દેશોમાં સેવા કેન્દ્રો સ્થાપ્યાં.
- ઓરિસ્સામાં ભારતની સૌથી મોટી COVID19 હોસ્પિટલ્સ બનાવાશે.
- IIT-ગાંધીનગરે કોરોનાને કારણે ઘરોમાં રહેનાર વિદ્યાર્થીઓના કૌશલને પ્રોત્સાહન આપવા માટે તેમને રચનાત્મક પરિયોજનાઓમાં સામેલ કરવા માટે પ્રોજેક્ટ આઇજેક શરૂ કર્યો જે સર આઇજેક ન્યુટન દ્વારા પ્રેરિત છે. ઈ.સ. 1665માં ન્યુટને પ્લેગ રોગચાળા દરમ્યાન આવી પહેલ શરૂ કરી હતી.
- અમેરિકા કોરોનાના 1,00,000થી વધુ દર્દીઓ ધરાવનાર પ્રથમ રાષ્ટ્ર બન્યું.

## 30 માર્ચ

- ભારત કોરોના વાયરસ માટે એન્ટીબોડી ટેસ્ટીંગ શરૂ કરનાર દુનિયાનો પ્રથમ દેશ બનશે. આ એક સીરોલોજિકલ ટેસ્ટ છે, જે લોહીમાં રહેલ એન્ટીબોડીને શોધે છે. એન્ટીબોડી એવા પ્રોટિન્સ છે જે શ્વેતકણો દ્વારા ઉદ્ભવે છે અને ઇન્ફેક્શન સામે લડે છે.
- ઇન્ડિયન આર્મી ચીફ જનરલ એમ. એમ. નરવાનેએ કોરોના વાયરસ વિરુદ્ધ 'ઓપરેશન નમસ્તે' લોન્ચ કર્યું.
- બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોહ્સન અને સ્વાસ્થ્ય સચિવ મેટ હેન્કોક કોરોનાથી પીડિત. બોરિસ જોહ્સ COVID19થી પીડિત દુનિયાના પ્રથમ દેશ પ્રમુખ.

- ગોવા COVID19 માટે સેલ્ફ-એસેસમેન્ટ કીટ (ટેસ્ટ યોરસેલ્ફ ગોવા) શરૂ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- કેન્દ્રએ દેશની COVID19 સામેની તૈયારીઓની સમીક્ષા કરવા માટે તથા દેશના ડોકટર્સને AIIMS સાથે જોડવા માટે CoNTeC (COVID19 નેશનલ ટેલીકન્સલ્ટેશન સેન્ટર) શરૂ કર્યું.
- સ્પેનનાં રાજકુમારી મારિયા ટેરેસાનું કોરોના વાયરસથી મૃત્યુ.
- કોરોનાથી અર્થતંત્રને આવનાર નુકસાનની ચિંતામાં જર્મનીના હેસે રાજ્યના નાણામંત્રી થોમસ શાફરની આત્મહત્યા.

**31 માર્ચ**

- લંડન સ્થિત ભારતીય નવલકથાકાર મિરઝા વાહિદે પોતાની કૃતિ 'ટેલ હર એવરીથિંગ' માટે કાલ્પનિક શ્રેણી માટે 'ધ હિંદુ પ્રાઇઝ-2019' જીત્યું, જ્યારે નોન-ફિક્શન શ્રેણીમાં શાંતનુ દાસે "India, Empire, and First World War Culture: Writings, Images and Songs' કૃતિ માટે આ પ્રાઇઝ જીત્યું..
- COVID19 સામે લડવા માટે ભારતે PM CARES ફંડ(Prime Minister's Citizen Assistance and Relief in Emergency Situations Fund)ની સ્થાપના કરી.
- IAAFએ ઇન્ડિયન શોટ પુટર નવીન ચિકારા પર 4 વર્ષનો પ્રતિબંધ મુક્યો.
- ભારતીય રેલવેએ ટ્રેન્સમાં પ્રોટોટાઇપ આઇસોલેશન કોચ તૈયાર કર્યા.




એક બુક, બધી પરીક્ષાઓ

તમામ પરીક્ષાઓ માટે
અત્યંત ઉપયોગી.

આજે જ વસાવો.

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

## અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
Quality એટલે
Crack GPSC

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

## ઘરે બેઠાં તૈયારી કરો,
## મોબાઈલ કે ટેબ્લેટ પરથી

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

## કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...

## ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી

76000 51070

Crack G GPSC
ક્રેક GPSC